Anokhee May 07.qxd 7/5/2007 3:13 PM Page 58





ડૉ. મુકુલ ચોક્સી



# જાતીય શોષણના વિવિધ પ્રકારો

**જાતીય શોષણ (સેક્સ્યુઅલ એક્સ્પ્લોઈટેશન) એક અટપટી અને ગહન બાબત છે. પાછી એ એટલી જ નાજુક અને સંવેદનશીલ પણ ખરી. એટલે એને બહુ વિવેકથી સમજવી અને હાથ ધરવી પડે. મોટે ભાગે સ્ત્રીઓનું જ જાતીય શોષણ થતું હોવાની જનસામાન્ય માન્યતા પ્રવર્તે છે અને એ સાચી પણ છે. જોકે સેક્સ્યુઅલ એક્સ્પ્લોઈટેશનમાંથી બાળકો અને પુરુષો પણ બાકાત નથી. કઈ રીતે થાય છે સમાજમાં વિવિધ વર્ગોનું યૌનશોષણ ? વાંચો.**



આધુનિકતાના નામે આજકાલ ઑફિસો, બીપીઓ., કારખાનાં, ફેક્ટરી વગેરે જેવા સ્થળોએ સેક્સ્યુઅલ એક્સ્પ્લોઈટેશન થવાના કિસ્સા ખૂબ વધી ગયા છે

જાતીય શોષણને વ્યાખ્યાયિત કરવું અઘરું છે. પુખ્ત વયનાં વિજાતીય પાત્રો લગ્નના બંધનમાં જોડાયેલાં હોય અને સમયાંતરે એકાંતમાં પૂરતી પ્રણયક્રીડાઓ બાદ એકમેક સાથે પૂર્ણ ઈચ્છાથી કામક્રીડા આચરે તો તેને નોર્મલ સેક્સ કહેવાય.

આનો આડકતરો અર્થ એ થાય કે જો બેમાંથી એક પાત્ર સગીર વયનું હોય, બેમાંથી એકની ઈચ્છા ન હોય, તેઓ લગ્નબંધનથી જોડાયેલા ન હોય, બેમાંથી એક નશીલી હાલતમાં હોય, કોઈ એકની મનોદશા જાતીય સંબંધનો અર્થ સમજી શકવા સક્ષમ ન હોય, કોઈકે અન્યના ઉપકાર હેઠળ સેક્સ માટે અનુમતિ આપવી પડી હોય તો તે શરીરસંબંધમાં એક વ્યક્તિ (સામાન્યતઃ સ્ત્રીનું) શોષણ થતું હોવાનું જણાય છે.

## ઉદાહરણ એક

રચના મંદબુદ્ધિ ધરાવતી છોકરી છે. તેની શારીરિક ઉંમર બાવીસ વર્ષની છે એટલે કે તે શરીરથી પુખ્ત વયની થઈ ગઈ છે, પણ તેનું મન નાના બાળક જેવું છે અર્થાત્ તેની માનસિક ઉંમર કેવળ ૧૦થી ૧૨ વર્ષ જેટલી જ છે. રચના સાથે જો કોઈ પુરુષ જાતીય

Anokhee May 07.qxd 7/5/2007 3:14 PM Page 59

સંબંધ બાંધે તો ભલે રચનાની સંમતિ હોય, તેમ છતાં વગર લગ્ને રચાયેલો આ યૌનસંબંધ રચનાની ઉંમર અનુમતિ આપવાને અનુરૂપ ન હોવાને લીધે જાતીય શોષણ બરાબર ગણી શકાય.

### ઉદાહરણ બે

રંજન ફેક્ટરીમાં કામ કરે છે. તેનો પતિ પૂરતું કમાતો નથી. રંજનનો શેઠ તેને આર્થિક મદદ કરે છે, પણ બદલામાં તેની સાથે નિયમિત શરીરસંબંધ ભોગવવા માટે વારંવાર મજબૂર કરે છે. ભલે રંજન આ માટે તેના શેઠને અનુમતિ આપતી હોય, પરંતુ એક પ્રકારના 'ફાઈનાન્શિયલ ઓબ્લિગેશન'ના ભારણ તળે તેણે સંમતિ આપી હોવાથી આ સંબંધ પણ એક દેખીતા 'યૌનશોષણ'નો પ્રકાર જ કહેવાય છે.

આમ, સેક્સ્યુઅલ એક્સ્પ્લોઈટેશનના અનેક પ્રકારો હોય છે. જેમાંના મુખ્ય પ્રકારો આ મુજબ છે. કામકાજના સ્થળે યા કામકાજના ઓઠાં હેઠળ થતાં શોષણને 'સેક્સ્યુઅલ એક્સ્પ્લોઈટેશન એટ વર્કપ્લેસ' તરીકે ઓળખવામાં આવે છે. ઑફિસ, બી.પી.ઓ., કારખાનાં, ફેક્ટરી જેવાં સ્થળોએ આ દુર્ઘટના બને છે.

'પીડોફિલિયા'માં બાળકો સાથે રતિસુખ માણવામાં આવે છે. બાળરતિને પણ શોષણ ગણવામાં આવે છે, જેને 'સેક્સ્યુઅલ એક્સ્પ્લોઈટેશન ઑફ માઈનોર' તરીકે ઓળખવામાં આવે છે. નશીલી હાલતમાં, મંદબુદ્ધિની સ્ત્રી સાથે, અર્ધજાગ્રત અવસ્થામાં, ચિત્તભ્રમની અવસ્થામાં, મનોરુગ્ણ વ્યક્તિ સાથે, છેતરામણી કરીને યા તબીબી સારવારના બહાના હેઠળ આચરાતા સેક્સ સંબંધને પણ યૌનશોષણની કેટેગરીમાં જ મૂકવામાં આવે છે. ઉદાહરણ તરીકે એક તાંત્રિકે તેને ત્યાં બાળક ન થતું હોવાની ફરિયાદ લઈને આવેલી સ્ત્રીને બાળક માટે કરાવવાની તંત્રવિધિના ભાગરૂપે શરીરસંબંધ બાંધીને વારંવાર ભોગવી. આ સ્ત્રી સાથે હકીકતમાં તબીબી સારવારના અંચળા હેઠળ નકરી છેતરામણી જ થઈ હતી. જો સ્ત્રી પાછળથી આ વાતનો મર્મ સમજીને ફરિયાદ કરે તો તાંત્રિક ઉપર છેતરામણીસભર યૌનશોષણનો આરોપ મૂકી શકાય.

આમ જોતાં સ્ત્રીના 'જાતીય શોષણ'તથા 'જાતીય સતામણી' એ બે લગભગ એકસરખા જ લાગે છે, પરંતુ આ બન્નેમાં થોડો સૂક્ષ્મ ફરક રહેલો છે. 'શોષણ' ઉર્ફે 'એક્સ્પ્લોઈટેશન' અને 'સતામણી' ઉર્ફે 'હેરેસમેન્ટ' એ બેઉને અલગ જોવાવા જોઈએ. ધારો કે એક પુરુષ તેની ઑફિસમાં તેના હાથ નીચે કામ કરતી લેડી ક્લાર્ક સાથે નિયમિત શરીરસંબંધ બાંધે, તેને લગ્નની લાલચ આપીને ફોસલાવે, આર્થિક મદદ કરતાં રહીને તેના શરીરને ભોગવતો રહે, તો આ સેક્સ્યુઅલ એક્સ્પ્લોઈટેશન (યૌનશોષણ) થયું કહેવાય. આ સંબંધમાં સ્ત્રીને જો કોઈ ખાસ ત્રાસ યા અકળામણ ન થતાં હોય તો પણ શોષણ એ શોષણ જ રહે છે. જો સ્ત્રી આ સંબંધને અત્યાચાર તરીકે ન અનુભવતી હોય તો એ 'હેરેસમેન્ટ' નથી, પણ 'એક્સ્પ્લોઈટેશન' અચૂક છે.

આની સામે પત્નીને સમાગમ દરમિયાન પીડા આપીને આનંદ લેનાર 'સેડિસ્ટ' પુરુષ પત્નીને 'યૌન સતામણી'નો ભોગ બનાવે છે. અહીં સતામણી છે, શોષણ નથી. આમ, એક્સ્પ્લોઈટેશન 'વિથ ઓર વિધાઉટ' હેરેસમેન્ટ તેમ જ 'વાઈસે વર્સા' એમ બધું જ સંભવી શકે છે.

### લગ્નજીવનમાં થતું જાતીય શોષણ

લગ્નજીવનની અંદર થતું જાતીય શોષણ - એ મુદ્દો ભારતમાં બહુ વિસ્તારથી ચર્ચવા યોગ્ય છે. Women empadermentના આ સમયમાં 'Sexual exploitation within the marriage life'ની વાત વિગતે ચર્ચાવી જોઈએ. આપણે બાળકોના જાતીય શોષણ અંગે થતી ચિંતાઓથી વિદિત છીએ. સ્ત્રીઓનું કામકાજના સ્થળે તેમના ઉપરીઓ દ્વારા થતું શોષણ પણ જાણીતું છે, પણ લગ્નજીવનની અંદર, પતિ-પત્નીના શયનખંડમાં બન્નેના એકબીજા દ્વારા થતાં શોષણની ગંભીરતા પણ અવશ્ય ઓછી નથી. 'બેડરૂમ એક્સ્પ્લોઈટેશન'ના અનેક પ્રકારો, અનેક સ્વરૂપો, અનેક કારણો જોવાં-જાણવાં મળે છે.

'સેક્સ્યુઅલ એક્સ્પ્લોઈટેશન' યા



**પીડોફિલિયા એટલે કે બાળકો સાથે રતિસુખ માણવું એ કાયદાકીય ગુનો છે**

'હેરેસમેન્ટ'ની વિભાવના સમજતાં પહેલાં 'સેક્સ્યુઅલ ફ્રીડમ' (જાતીય સ્વાતંત્ર્ય)ની વિભાવના સમજી લેવી જોઈએ. કોઈ પણ વ્યક્તિ તેના કાયદેસરના જીવનસાથી સાથે એકાંતમાં પોતાની કામેચ્છા, પોતાની રીતે સંતોષવા માટે મુક્ત છે, પણ સાથે તેના શૈયાસાથીની જાતીય જરૂરિયાતો તથા તરાહોનો ખ્યાલ પણ રખાવો જોઈએ. હવે આ વણલખ્યો નિયમ જ્યારે પળાતો નથી અને બેમાંથી એક અસંતુષ્ટ રહે યા બેમાંથી એક પર દબાણ આવે અને જાતીય પ્રસંગ પીડાદાયક બની જાય તો તેને 'બેડરૂમ હેરેસમેન્ટ' યા 'બેડરૂમ એક્સ્પ્લોઈટેશન' કહી શકાય.

થોડાંક ઉદાહરણો જોઈએ. એક લેસ્બિયન છોકરી મા-બાપને જણાવતી નથી કે પોતે સજાતીય છે. પછી તે મા-બાપને ખુશ રાખવા લગ્ન કરી લે છે. લગ્ન બાદ તે પતિ સાથે રોમાન્સ, સહશયન કે કામક્રીડા માણી શકતી નથી. પતિ નજીક આવવા જાય ત્યારે તે તેને હડસેલીને દૂર થઈ જાય છે. આ કિસ્સામાં લેસ્બિયન સ્ત્રીને પોતાની 'જાતીય નાપસંદગી'દર્શાવવાનો હક છે, પરંતુ આ

જાણકારી હોવા છતાં લગ્ન કરીને પછી પતિને પોતાના 'સેક્સ્યુઅલ રાઈટ્સ'થી વંચિત રાખવો એ પણ એક સૂક્ષ્મ પ્રકારનું પતિનું 'સેક્સ્યુઅલ હેરેસમેન્ટ' જ કહેવાય. આ જ કિસ્સામાં જો પતિ પોતાના જાતીય હકોની બજવણી માટે વધારે પડતો એગ્રેસિવ થઈને 'પત્ની શા માટે મને સેક્સ ભોગવવાની ના પાડે!' એવું કહીને જો તેની ઉપર બળજબરી કરે તો આ બળજબરી પોતે પણ સ્ત્રીનું 'એક્સ્પ્લોઈટેશન ઈનસાઈડ ધ બેડરૂમ' બની જાય છે. આમ, આ લગ્ન છેવટે 'મ્યુચ્યુઅલ ઍન્ડ પરપેચ્યુઅલ' હેરેસમેન્ટ તથા એક્સ્પ્લોઈટેશન બનીને રહી જાય છે.

બીજો કિસ્સો. એક સ્ત્રીને મુખમૈથુન કે ગુદામૈથુનમાં રસ નથી. રસ નથી એટલું જ નહીં, તેને તે ખૂબ જ ગંદકીપૂર્ણ, અકળાવનારા, અણગમાપ્રેરક, ચીતરી ચડનારા, ઘૃણાસ્પદ અને જુગુપ્સાપ્રેરક લાગે છે. હવે તેના પતિમહાશયે ક્યાંક એવું વાંચ્યું કે 'મુખમૈથુન'એ કોઈ વિકૃતિ નથી. આથી તેમણે પત્ની ઉપર માનસિક દબાણ ઊભું કર્યું કે તેણીએ મુખમૈથુનમાં સહયોગ આપવો જોઈએ. જો પત્ની ઈનકાર કરે તો તેણે પતિના ગુસ્સા, રિસામણાં, અપમાન યા અવહેલનાનો ભોગ બનવું પડે અને જો હા પાડે તો જુગુપ્સા, ઊબકા તથા ઊલટીઓ વચ્ચે રાત પસાર કરવી પડે! આ એક પતિ દ્વારા થતા પત્નીના 'યૌનશોષણ'નો જ એક પ્રકાર છે.

પતિઓ દ્વારા આચરાતા સૂક્ષ્મ યૌનશોષણના બીજા અનેક કિસ્સાઓ ભારતના શયનખંડોમાં ઠેરઠેર જોવા મળતા હોય છે. જેમ કે 'એકપક્ષી સમાગમ.' કેટલાક પતિદેવો સહેજ પણ વાતચીત, રોમાન્સ કે ફોરપ્લે વગર સીધા સંભોગનો જ આગ્રહ રાખે છે તેમની પત્નીઓને ચરમસીમાનો અભાવ (એનોર્ગેઝિમયા), યોનિમાર્ગમાં ભીનાશને અભાવે થતી બળતરા (ડ્રાયનેસ ઈન્ડયુસ્ડ ડિસ્પેચ્યુનિયા) તથા આનંદવિહીન મિકેનિકલ સેક્સ ભોગવ્યાની અકળાવનારી અનુભૂતિ થાય છે. આવા પુરુષો સ્ત્રીને 'જાતીય છૂટ' યા 'સેક્સ્યુઅલ રિલિઝ'માટે જ એક સ્લીપિંગ પીલ્સ તરીકે ઉપયોગમાં લે છે, તે પણ ક્યારેક થોડીક પળો માટે. આ રીતે સેક્સમાં જોતરાતી સ્ત્રી લઘુતાગ્રંથી, હતાશા, સેક્સ્યુઅલ ફ્રસ્ટ્રેશન, રિલેશનશિપ બ્રેકડાઉન તથા જાતીય અણગમો (સેક્સ્યુઅલ એવર્ઝન) જેવી સમસ્યાઓનો ભોગ બને છે. આ પણ આડકતરા યૌનશોષણનો જ એક પ્રકાર કહી શકાય.

તો સામે છેડે કેટલીક સ્ત્રીઓ નાનપણથી જ જાતીય અરુચિ ધરાવતી હોય છે. સમસ્યાજનક બાળપણ યા નાજુક વયે થયેલ અત્યાચાર યા અત્યંત રૂઢિચુસ્ત કૌટુમ્બિક વાતાવરણને લીધે તેઓ 'કામેચ્છારહિત' મનોદશાવાળી બની જાય છે. આવી એસેક્સ્યુઅલ સ્ત્રીઓના પતિદેવો 'અનિવાર્ય બ્રહ્મચર્ય' (ઈન્વોલન્ટરી એબ્સ્ટીનન્સ) પાળતા થઈ જાય છે. તેઓ પાસે આ સિવાય કોઈ છૂટકો રહેતો નથી. આમ પત્નીનું યૌનશોષણ ન થવા દેવા બદલ તેઓએ પોતાનું સૂક્ષ્મ 'સેક્સ્યુઅલ હેરેસમેન્ટ' થવા દેવું પડે છે.

આ જ રીતે પતિ કે પત્ની બેમાંથી કોઈ પણ એક જો ઉત્થાનની, સ્ખલનની કે કામેચ્છાની સમસ્યાથી પીડાતા હોય, પણ પોતાની સારવાર લેવા માટે રાજી ન હોય તો તે પણ લાંબા ગાળે શૈયાસંગીના જીવનને કામસુખથી વંચિત બનાવી દે છે. આમ સેક્સપાર્ટનરની જરૂરિયાતો પ્રત્યે અસંવેદનશીલ હોવું - ઈન્સેન્ટિવ ટોવર્ડ્ઝ નીડ ઑફ ધ પાર્ટનર - એ પણ એક પ્રકારનું બેડરૂમ હેરેસમેન્ટ બની જાય છે.

કેટલાંક સ્ત્રી કે પુરુષો બેડરૂમ બહારની ઘટનાઓનો હિસાબ બેડરૂમમાં ચૂકતે કરતાં હોય છે. જેમ કે પતિના ધૂમ્રપાનથી નારાજ પત્ની સેક્સમાં અસહકારનું વલણ દાખવે યા તો સાસરિયાંઓ સાથે મનમેળ ન ધરાવતી પત્નીને પતિ જાણીજોઈને શરીરસુખથી વંચિત રાખે... તો આવા હેતુપૂર્વકના જાતીય અળગાપણા ઉર્ફે 'ડેલિબરેટ સેક્સ્યુઅલ ડિપ્રાઈવેશન'ના કિસ્સામાં પણ સામેના પાર્ટનરનું જાતીય શોષણ થઈ રહ્યું હોય છે. બદલાની ભાવનાથી થતાં આવાં યૌનશોષણનાં ઉદાહરણો પણ સમાજમાં અસામાન્ય નથી.



**લગ્નજીવન અંતર્ગત સેક્સ્યુઅલ એક્સ્પ્લોયટેશનના અનેકવિધ પ્રકારો છે**

પુરુષો દ્વારા થતાં પત્નીનાં યૌનશોષણના તો અઘધધ દાખલાઓ મળી આવે.

લગ્નેતર સંબંધમાં ગળાડૂબ પુરુષ પત્ની પ્રત્યે અણગમાયુક્ત વર્તન કરી તેને શરીરસુખથી વંચિત રાખે, પુરુષ પત્નીને ગ્રુપ સેક્સ કે પાર્ટનર એક્સચેંજ જેવા અનુભવો લેવા માટે ફરજ પાડે, પત્ની અતિધાર્મિક કે આધ્યાત્મિક પંથે ચડી જવાથી પતિની સેક્સ્યુઅલ ડિમાન્ડઝની સરેઆમ ઉપેક્ષા કરે, પત્ની કેવળ સંતતિપ્રાપ્તિ અર્થે જ સેક્સમાં રસ લે, કામવિકૃત પુરુષો પીડાજનક સેક્સમાં સ્ત્રીને જોતરે તે.... વગેરે બધા સંજોગોમાં બેમાંથી એક પાર્ટનરનું 'વીધીન ધ બેડરૂમ' સેક્સ્યુઅલ એક્સ્પ્લોઈટેશન થતું રહે છે.

છેલ્લે એક વિલક્ષણ કિસ્સો યાદ આવે છે. પત્ની સેક્સને ગંદો માને. આથી પતિને નજીક તો ન જ આવવા દે, પણ તેને 'હસ્તમૈથુન' પણ ન કરવા દે. સેક્સ અંગેની ગેરસમજમાંથી ઉદ્‌ભવતા આવા અજાણપણે થતાં યૌનશોષણ (કે લિંગશોષણ)નો કોઈ હાથવગો ઉપાય નથી. સમાજમાં લાંબા ગાળાનું પરિપક્વ સેક્સ એજ્યુકેશન જ આવી સમસ્યાઓ ઉકેલી શકે.